# ૨૮ લાખની કિંમતના ચરસ જથ્થા સાથે એકની ધરપકડ

## ૧૯ કિલોગ્રામ ચરસનો જથ્થો જપ્ત કરાયો : ગીતા મંદિરથી જમાલપુર જવાના રસ્તે બાતમી બાદ વોચ ગોઠવતા સફળતા : ઝડપાયેલા શખ્સની પુછપરછ શરૂ

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચની ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે ૨૮ લાખની કિંમતના ૧૯ કિલોગ્રામ પ્રતિબંધિત ચરસના જથ્થા સાથે એકની ધરપકડ કરતા સનસનાટી મચી ગઈ છે. ક્રાઈમ બ્રાંચની ટુકડીએ પકડી પાડેલા ચરસના વેપારી શાહનવાઝ ઉર્ફે શાનુની આકરી પુરપરછ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાંચની ટુકડીએ બાતમીના આધારે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. જમાલપુર નવી ચાલી ચાર રસ્તા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. જાળ બિછાવી દેવામાં આવ્યા બાદ ગીતા મંદિર તરફથી જમાલપુર જવાના રસ્તે બાતમી મુજબ જ લાલ કલર હુન્ડાઈ આઈ-૧૦ કાર નજરે પડી હતી. જીજે-૧-કેઈ-૫૩૯૯ આવતી



દેખાતા તેને રોકવામાં આવી હતી. આ કારની ચકાસણી કરવામાં આવતા ચાલક શાહનવાઝ ઉર્ફે શાનુ આલમખાન પઠાણ ઉ.વ. ૩૧ પાસેથી પરમિટ વગરનો ગેરકાયદે ચરસનો જથ્થો મળી આવ્યો હતો જેથી શાહનવાઝ ઉર્ફે શાનુને પકડી પાડીને એનડીપીએસ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શાહનવાઝ ઉર્ફે શાનુ આલમખાન પઠાણ શાહપુર વિસ્તારમાં શાહપુર બાયસેન્ટરમાં ૭, હમીદ ફલેટ, જુલાઈવાડામાં રહે છે. તેની વધુ પુછપરછ ચાલી રહી છે. તેની પાસેથી ચરસના જથ્થા સિવાય મોબાઈલ ફોન, રોકડ રકમ, ડ્રાઈવિંગ લાયસન્સ તથા કારની રજિસ્ટ્રેશન બુક મળી આવી છે. ચરસનો જથ્થો, કાર અને મોબાઈલ મળી કુલ ૩૨૬૧૮૨૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ઈસમની પુછપરછ દરમિયાન તેના કબજામાંથી મળી આવેલો પ્રતિબંધિત ગેરકાયદેસર ચરસનો જથ્થો ગુલામમોહમ્મદ પાસેથી આ જથ્થો મંગાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું જે કુલ્લુ રહે. સુમ્બલગામ, ડિસ્ટ્રીક્ટ બાંદીપુરા, જમ્મુ કાશ્મીર પાસેથી મંગાવવામાં આવ્યો હતો. ગુલામ મોહમ્મદે જથ્થો ભગવાનદિન રહે. ગોંડા, ઉત્તરપ્રદેશ અને બીજા બે ઈસમો સાથે મોકલવામાં આવ્યો હતો. આ ચરસનો જથ્થો ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ ખાતેથી ત્રણ શખ્સો પાસેથી મેળવવામાં આવ્યો હતો. મળેલી માહિતી મુજબ આ શખ્સ પોતાના પરિવાર સાથે રહે છે. મળેલી માહિતી મુજબ તેના પિતા ચરસના જથ્થા સાથે ઝડપાયા હતા.

# જિલ્લા માહિતી કચેરીના કર્મચારી આર. વી. ત્રિવેદીનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૮

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના વર્ગ - ૩ના કર્મચારી શ્રી આર.વી.ત્રિવેદી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તા.૩૦/૦૯/૧૪ના રોજ તેમનો વિદાય સમારંભ કચેરીના સ્ટાફ દ્વારા યોજાયો હતો.

આ -સંગે નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન એ. પટેલે નાળિયેર અને સાકર આપી સારા સ્વાસ્થ્ય-દ નિવૃત્તિ જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ કચેરીમાં તેમની કામગીરી અને સારા ગુણો વિષયક સ્મૃતિઓ સંભારી હતી. આ ઉપરાંત કચેરીના તેમના સાથી કર્મચારીઓએ ત્રિવેદીને સારા સ્વાસ્થ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

આ -સંગે શ્રી આર.વી.ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વર્ષ- ૧૯૮૪થી હું માહિતી ખાતામાં જોડાયો હતો. મારી નોકરી દરમ્યાન મેં જ્યાં નોકરી કરી છે, ત્યાં દરેક માહિતી કચેરીના અધિકારીશ્રીઓ તથા



કર્મચારીઓનો સાથ સહકાર મળ્યો છે, પણ મને કચેરીમાં એક પરિવારની હુફ મળી છે. જે હું મારા હવે, પછીના જીવનકાળ દરમ્યાન ક્યારેય આ સ્ટાફ પરિવારનો -ેમ ભુલી શકીશ નહિ. કચેરીના સર્વ સ્ટાફ સભ્યોએ શ્રી ત્રિવેદી સાથેના સ્મરણો વ્યકત કર્યા હતા. કચેરીના સ્ટાફ પરિવારે શ્રી ત્રિવેદીને સ્મૃતિ ભેટ અને શાલ ઓઢાડી ભાવભરી વિદાય આપી હતી.

શ્રી ત્રિવેદીના સ્વાસ્થ્ય-દ નિવૃતિ જીવન માટે સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલ, -ાદેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુકત માહિતી નિયામક શ્રી મહેશકુમાર રાણા, ગુજરાત -ેસ અકાદમીના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદી, વિજ્ઞાપન શાખાના નાયબ માહિતી નિયામક શ્રી પંકજભાઈ મોદી, ફિલ્મ શાખાના નાયબ માહિતી નિયામક શ્રી કલ્પનાબેન બારોટ, વહીવટના નાયબ માહિતી નિયામક શ્રી જી.એફ. પાંડોર, વર્ક શોપના શ્રેયાંસ અધિકારી શ્રી મયૂરભાઈ શાહ, કાર્યપાલક ઈજનેર શ્રી આર.એમ.કુડારિયા, માહિતી ખાતુ વર્ગ-૩ કર્મચારી મંડળના -મુખ શ્રી દિનેશ ચૌહાણ અને મંત્રી શ્રી કે.જી.વાઘેલા સહિત માહિતી કમિશનરશ્રીની કચેરીના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલ વિદાય સમારંભમાં માહિતી મદદનીશ શ્રી પરિમલ પટેલ, સુપર વાઈઝર શ્રી કમલ રાઠોડ, સહાયક અધિક્ષક શ્રી શાંતિલાલ કમોયા, જુનિયર કલાર્ક શ્રી દેવાંગ કાપડિયા, શ્રી વિનોદસિંહ ભટ્ટી, શ્રી અમરસિંહ રાણા, શ્રી -ભાકર પરમાર અને -ભાબેન ઉપસથિત રહયાં હતાં.

## શબ્દાવલી - ૫૫૨૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | |
| | ■ | ૮ | ૯ | | ■ | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | | | ■ | ■ | ■ |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | ■ | ૧૫ |
| ૧૬ | ■ | | ■ | ૧૭ | | | |
| | ■ | ૧૮ | ૧૯ | | | ■ | |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | |

### આડી ચાવી

૧. વનમાં આપમેળે સળગેલી અગ્નિ (૪)
૩. ... રાની જરા જમકે બરસો (૩)
૬. એક વાનગી, ... ભાત(૨)
૭. અણસમજુ (૪)
૮. પતરવેલીયા (૨)
૧૦. તલનો પાક (૨)
૧૧. પ્રણાલી, પ્રથા (૫)
૧૩. આશ્ચર્ય (૩)
૧૭. ગેલેરી, ખુલ્લી જગા (૪)
૧૮. સ્ફુર્તિમય રહેવા દરરોજ સવારે.... કરવી જોઇએ (૪)
૨૦. આંગળીથી... વેગળા (કહેવત) (૨)
૨૧. જન્માક્ષરમાં વ્યક્તિને... કહેવાય, જાતકર્મ (૩)

### ઊભી ચાવી

૧. ... કરવી, ગુંડાગીરી (૪)
૨. કેશ, મોવાળા (૨)
૩. મોટર, ગાડી (૨)
૪. ખેલ, ગેમ (૩)
૫. એક વાનગી (૩)
૭. નાખુશષ દુભાયેલું (૩)
૮. પરિવારની ભાવનાવાળુ(૫)
૯. કમબખ્તી, આફત (૩)
૧૨. શરીર (૨)
૧૪. ગુજરાતી પ્રથમ મહિનો(૪)
૧૫. તાવની અસર (૪)
૧૬. પસંદગી (૩)
૧૭. પાછુ આવવું તે (૩)
૧૯. શિક્ષા (૨)

### શબ્દાવલી ૫૫૨૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) આંચકો (૩) દેવદાસી (૬) ટળટળાટ (૭) લકવા (૧૦) સોળ (૧૧) આયોજન (૧૩) અંટી (૧૪) દવા (૧૫) ગડ (૧૭) ગમ (૧૯) શૉકેશ (૨૧) મરી (૨૨) દવ (૨૩) નજર

**ઊભી ચાવી :-** (૧) આંબેલ (૨) કોટવાળ (૩) દેવ (૪) વળાવીયો (૫) દાટ (૮) કસોટી (૯) કનડગત (૧૧) આવાગમન (૧૨) જગ (૧૩) અંદેશો (૧૬) કેશવ (૧૮) મરીજ (૨૦) કેદ



તા. ૧ થી ૫ ઓક્ટોબર દરમિયાન અગિયારમી સીનીયર નેશનલ જમ્પરોપ રમતની સ્પર્ધાનું આયોજન ગાંધીનગર, ગુજરાત ખાતે રાખવામાં આવેલ હતુ. સ્પર્ધામાં ભારત ભરના અલગ અલગ ૨૧ રાજ્યોના કુલ ૩૭૦ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. તેમાં મુખ્ય મહેમાન ડૉ. અશોક રાવલે તેમજ જમ્પરોપ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી શ્રીમતી સુનિતા જોષી, ટેકનિકલ ડાયરેક્ટર મોહમ્મદ અર્શદ, જમ્પરોપ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહેલ, જમ્પરોપ એસોસીએશન ઓફ ગુજરાતના મંત્રી ધર્મેશ પરમાર હાજર રહ્યા હતા.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા, શણગાર સ્પર્ધા યોજવામાં આવ્યા

ગાંધીનગર, તા.૮

નગરમાં મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કરતી જ્યોતિ મહિલા મંડળ દ્વારા અરવિંદ સંસ્કાર કેન્દ્ર ખાતે મુખ્ય મહેમાન સ્મિતાબેન જહાના મુખ્ય મહેમાન પદે બેઠા ગરબા અને શણગાર સ્પર્ધા યોજવામાં આવી હતી.

નગરમાં હજુ પણ નવરાત્રીનો માહોલ ઓછો થયો નથી. વિવિધ સંસ્થાઓ માતાજીની આરાધના કરવા માટે કાર્યક્રમો યોજી રહી છે ત્યારે જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા અને શણગાર સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મુખ્ય અતિથિ તરીકે દક્ષાબેન શુકલ, ડૉ. તેજલ દલાલ, ડૉ. બિંદી ગજ્જર અને સુધીરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધાની શરૂઆતમાં લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. રક્ષિતાબેન ઉપાધ્યાયે ઉપસ્થિત મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. બેઠા ગરબામાં સ્પર્ધામાં પ્રથમ ક્રમે કલ્ચરલ સ્કવેર, બીજા ક્રમે અંબિકા ગૃપ અને ત્રીજા ક્રમે કૃષ્ણ ભજન મંડળ રહ્યું હતું. તેમજ શણગાર સ્પર્ધામાં પ્રથમ નર્મદાબેન પટેલ, બીજો જયોતિ પ્રજાપતિ અને શિવાની ગુપ્તા ત્રીજા સ્થાને રહ્યા હતાં.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શર્મિષ્ઠાબેન દવે, ઈન્દુબેન નિમાવત, પૂર્વી વ્યાસ અને પલક ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા તેમજ કોકિલાબેન નાયક, શાંતાબેન શ્રીમાળી, ડૉ. તન્નાએ સહયોગ અને કાર્યક્રમનું સંચાલન-આભાવિધિ કુ. ચેતના બુચે કરી હતી.

# આગામી માસે યોજનાર વૌઠા મેળાની તૈયારી આરંભાઈ

અમદાવાદ, તા.૮

ધોળકા તાલુકાના વૌઠા ખાતે તા. ૩ થી ૭ નવેમ્બર, ૨૦૧૪ દરમિયાન યોજાનાર વૌઠા મેળાનાં આયોજન અંગેની બેઠક એનેક્ષી, શાહીબાગ ખાતે યોજાઈ હતી. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં વૌઠાના મેળાની શરૂઆત પૂર્વ આખરી તેયારીઓને ઓપ આપવા માટે મંત્રીએ જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યા હતા. વૌઠાના મેળાની બેઠકમાં રોડ, રસ્તા, પાણી, સ્વાસ્થ્ય, સેનીટેશન, કાયદો-વ્યવસ્થા વગેરેની સમીક્ષા કરવામાં આવી હતી. મેળામાં આવતાં શ્રધ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા માટે મંત્રીએ અધિકારીઓને જરૂરી વ્યવસ્થાની સુનિશ્ચિતતા ચકાસવા તાકીદ કરી હતી અને મેળામાં કોઈ અવ્યવસ્થા કે અડચણ ઉભી ન થાય તે જોવાં ઉપસ્થિત અધિ.ઓને અનુરોધ કર્યો હતો.

# ડૉ. બત્રાઝ હેલ્થકેરનું યુએઈના રૂ. ૧૬.૭ કરોડના હેર એન્ડ સ્કીનકેર માર્કેટમાં પદાર્પણ

ડૉ. બત્રાઝ હેલ્થકેરે તાજેતરમાં જ દુબઈના રૂ. ૧૬૭ કરોડના હેલ્થ અને સ્કિન કેર માર્કેટમાં પ્રવેશ કરવાની પોતાની યોજનાની જાહેરાત કરી હતી. ડૉ. બત્રાઝ હેલ્થકેરના સંસ્થાપક અને ચેરમેન ડૉ. મુકેશ બત્રાના જણાવ્યાં અનુસાર યુએઈના બજારમાં અમે અમારી અનોખી ફોર્મ્યુલેટેડ પ્રોડક્સ રજૂ કરીને આનંદની લાગણી અનુભવીએ છીએ. અમે યુએઈના ૧૦૦ અગ્રણી સ્ટોર્સમાં અમારી પ્રોડક્સ મુકી છે. માર્ચ ૨૦૧૭ સુધીમાં અમે ૫,૦૦૦ સ્ટોર્સમાં અમારી પ્રોડક્ટસ્ રજૂ કરી રૂ. ૧૬.૭ કરોડના વેચાણનું લક્ષ્ય ધરાવીએ છીએ.

ડૉ. બત્રાના ઉત્પાદનો કુદરતી તત્વોમાંથી તૈયાર કરવામાં આવે છે. આ ઉત્પાદનો સુરક્ષિત અને વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલા અને અસરકારક હોયછે. વાળ અને ત્વચાની સમસ્યા ધરાવતાં આશરે ૧૦ લાખથી વધુ દર્દીઓની સારવારનો અનુભવ ધરાવતા તબીબોની નિપુણતાને આધારે અમારાં ઉત્પાદનો તૈયાર કરાય છે. તેમ ડૉ. બત્રાએ જણાવ્યું હતું.

ભારતમાં ડૉ. બત્રાના ઉત્પાદનો દેશના ૨૫ શહેરોમાં આવેલા ૧,૫૦૦ થી વધુ અગ્રણી સ્ટોર્સમાં ઉપલબ્ધ છે. માર્ચ, ૨૦૧૫ સુધીમાં ડૉ. બત્રાના ઉત્પાદનો ૪,૦૦૦ સ્ટોર્સમાં ઉપલબ્ધ બનાવવાનું લક્ષ્યછે. અમદાવાદમાં ડૉ. બત્રાના ઉત્પાદનો ડૉ. બત્રાસ પોઝિટિવ હેલ્થ ક્લિનિક, ચાંદખેડા, એલિસબ્રિજ, મણિનગર તથા સેટેલાઈટ રોડ ખાતે ઉપલબ્ધ છે. સ્મૃતિ કલેક્શન, એસ માર્ટ, આકાશ સિલેકશન, જલારામ કોસ્મેટિક્સ રિયા અને બ્યુટી વર્લ્ડ ખાતે પણ મળી રહી છે.

ડૉ. બત્રાઝના ઉત્પાદનો કુદરતી તત્વોના ગુણધર્મો ધરાવે છે જે તમામ પ્રકારના વાળ અને ત્વચા માટે સુરક્ષિત છે. વાળ માટેના ઉત્પાદનોમાં થુજાનો સમાવેશ થાય છે જે ડીએચટીનું અવરોધક મનાય છે.

## પોકેટબુક પ્રકાશિત કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

સ્વચ્છતા જાળવવા સંબંધિત ખાસ કરીને પંચાયત અધિનિયમ તથા અન્ય અધિનિયમો હેઠળની જુદી જુદી કાયદાકીય જોગવાઈઓ અંગે પોકેટબુક પ્રકાશિત કરવા માટે પણ આ બેઠકમાં વિભાગોને સૂચન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે સંબંધિત વિભાગો દ્વારા આવી બુક તૈયાર કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## કોલેજીયનો ઝડપાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધી વાપરતા હતા અને જયાં બાઈક અટકે ત્યાં બિનવારસી હાલતમાં મુકીને ચાલ્યા જતા હતાં. બંનેએ સે-૨૬ કિસાનનગર પ્લોટ નં. ૧૪૭ પાસેથી એક બાઈક ચોરીને સે-૨૫માં બિનવારસી મુકી દીધું હતું. તે ઉપરાંત સે-૧૧ કોર્ટ પાસેથી એક પેશન બાઈક ડુપ્લીકેટ ચાવીથી ખોલીને ચોરી કરી સે-૧૬ ખાદી ગ્રામોદ્યોગના પાર્કીંગમાં મુકી દીધું હતું. ત્યાર બાદ સે-૨૩માં કેપીટલ સ્પોર્ટસ પાસેથી બાઈક ચોરીને તેમાંથી પેટ્રોલ નીકાળી સે-૨૨ આર્યુવેદીક હોસ્પિટલ પાસે મુકી દીધું હોવા ઉપરાંત સે-૨૪ શાકમાર્કેટમાંથી એક બાઈક ચોરી ઘ-૬ સે-૨૮ના ખુણા નજીક રીક્ષા સ્ટેન્ડ પાસે મુકી દઈ પેટ્રોલ કાઢી નાંખ્યું હતું. ત્યારબાદ પંચદેવ મંદિર આગળ પાર્ક કરેલું સ્પ્લેન્ડર ચોરીને સે-૧૬ ખાદી ભવનના પાર્કીંગમાં મુકી દીધું હતું. ઘ-૫ પટેલ પાર્લર પાસેથી બાઈક ચોરીને ઘ-૬ સર્કલ પાસે અને સે-૨૮ બગીચા પાસેથી બાઈક ચોરીને નંદા મોટર્સ પાસે બાઈક મુકી દીધું હતું. તે ઉપરાંત ક-૭ પાસેથી એક બાઈક ચોરીને ઘ-૬ રીક્ષા સ્ટેન્ડે મુકી દીધું હોવાની મળીને કુલ ૧૦ બાઈક ચોરી અને ૬ સાયકલ ચોરીની કબુલાત કરી લીધી છે. બંનેની સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

# પાટનગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા જાહેરનામુ બહાર પડાયુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમજ માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતાં હોઈ અને ઘ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં તા. ૩૦-૯-૨૦૧૪ના રોજ ૦૦.૦૦ કલાકથી તા. ૧૪-૧૦-૨૦૧૪ના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું, અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું, છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની કે માનહાનિ થાય તેવા કૃત્યો કરવા પર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂઈએ મનાઈ ફરમાવવામાં આવે છે. આ હૂકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કલમ-૧૮૮ હેઠળ શિક્ષા કરવામાં આવશે.

# શાહપુરમાં જુની અદાવતમાં રિક્ષા સળગાવાતા તંગદિલી

## શાહપુર વિસ્તારમાં હાલમાં વ્યાપક હિંસા થયા બાદ હજુય સ્થિતિ અજંપાભરી : મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાં સ્થિતિ અજંપાભરી બનેલી છે. હાલમાં જ જોરદાર તોફાન થયા બાદ હવે મંગળવારે મોડી રાત્રે એક રિક્શાને સળગાવી દેવાતા પણ આ બનાવના સમાચાર આગની જેમ ફેલાયા હતા અને લોકોમાં આને લઈને ચર્ચા રહી હતી. જો કે, આ મામલો અંગત અદાવતનો હતો. મળેલી માહિતી મુજબ, ત્રણ દિવસની ધાંધલ ધમાલ બાદ શાહપુરમાં માંડમાંડ શાંતિ પ્રવર્તિ રહી છે ત્યારે ગઈકાલે રાતે અંગત અદાવતને મામલે એક રિક્ષાને સળગાવવામાં આવતા તંગદિલી છવાઈ હતી. જો કે પોલીસે મામલો હાથમાં લઈ કોઈ અઘટિત ઘટના બને તે પહેલા જ પરિસ્થિતિ થાળે પાડી દીધી હતી.

આ અંગેની વિગત એવી છે કે શાહપુરમાં લકી હોટેલ પાસે દરવાજા બહાર રહેતા ઈસ્માઈલ શેખની રિક્ષા તેના ઘર પાસે પી હતી ત્યારે રાત્રે ૧૦ વાગે કોઈ શખસોએ રિક્ષાને આગ ચાંપી સળગાવતાં જ લોકોના ટોળેટોળા ભેગા થયા હતા અને જાતજાતની અફવાઓ પણ શરૂ થઈ ગઈ હતી. જો કે પોલીસે તાબડતોબ ઘટનાસ્થલે પહોંચી જઈ પરિસ્થિતિ કોઈ ગંભીર વળાંક લે તે પહેલા જ રાબેતા મુજબ કરી હતી. તપાસ દરમિયાન આ ઘટના અંગત અદાવતના કારણે બની હોવાનું જાણવા મળ્યુંછે. આ ઘટનાના શાહપુરમાં અન્ય કોઈ સ્થળે પ્રત્યાઘાત ન પડે તે હેતુસર પોલીસે રાત્રી પેટ્રોલિંગ સઘન બનાવી દીધું હતું અને રોડ પર એકત્ર થયેલા ટોળાને વિખેરી નાખ્યા હતા. રિક્ષા સળગાવી નાસી છુટેલા શખસોની પોલીસે સઘન શોધખોળ શરૂ કરી છે પરંતુ હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. પોલીસે રાત્રી દરમિયાન શાહપુર વિસ્તારમાં અવરજવર કરતાં વાહનો અને લોકોની પણ સઘન ચેકિંગ શરૂ કર્યું છે અને ગુનેગારો ઉપર ચાંપતી નજર રાખી છે.

## ડીએચએલ એકસપ્રેસ દ્વારા ૨૦૧૫ના રેટ એડજસ્ટમેન્ટસ જાહેર

દુનિયાની અગ્રણી આંતરરાષ્ટ્રીય એકસપ્રેસ સેવા પ્રદાતા ડીએચએલ એકસપ્રેસ દ્વારા આજે વૈશ્વિક સ્તરે સામાન્ય સરેરાશ કિંમત વધારાની જાહેરાત કરી છે જે ૧ જાન્યુઆરી ૧૫થી અમલી બનશે. સરેરાશ કિંમત વધારે ૯.૯ ટકા છે.

ડીએચએલ એકસપ્રેસ ગ્રાહકો માટે ઉત્તમ મૂલ્ય આપવા કટિબદ્ધ છે. અને અમારો વાર્ષિક કિંમત વધારો સેવા ઉત્કૃષ્ટતાની ખાતરી રાખવા અને લાંબે ગાળે સ્પર્ધાત્મક ઓફર કરવા અને માર્ગ આપતાં અનેક પરિબળમાંથી એક છે એમ ડીએચએલ એકસપ્રેસના સીઈઓ કેન એલને જણાવ્યું હતું. અમારી પાસે વિશ્વ કક્ષાનું સેવા ડિલિવરી નેટવર્ક છે જેમાં અમે આશરે ૫૦૦ મિલિયન યુરોનું દર વર્ષે રોકાણ કરીશું. અમારા ૨૦૧૪માં મુખ્ય રોકાણોમાં જાપાન, મિડલ ઈસ્ટ અને નોર્થ આફ્રિકામાં નવા એકમો, યુકેમાં અપગ્રેડ કરેલાં એકમો અને સર્વ પ્રદેશોમાં વધારાની ફલાઈટસનો સમાવેશ થાય છે. જે મળીને અમારું નેટવર્ક અત્યંત મજબૂત બને છે. દેખીતી રીતે જ અમે ડીએચએલ ખાતે ગ્રાહકાભિમુખ સંસ્કૃતિનું સિંચન કરીને અમારા પ્રમાણિત આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો મારફત અમારા કર્મચારીઓમાં નોંધનીય રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે.

# વાયબ્રન્ટ ગુજરાત સમિટ માટેની તૈયારી શરૂ કરાઈ

## સિમ્બોલને કલર કરવાની કામગીરી



ગાંધીનગર, તા.૮

વાયબ્રન્ટ ગુજરાત સમિટને લઈને તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ જોરદાર આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટને સફળ બનાવવા કમરકસી ચુક્યા છે. નરેન્દ્ર મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે વાયબ્રન્ટ સમિટની વિશ્વભરમાં નોંધ લેવાઈ હતી. સમિટમાં દેશના ટોચના ઉદ્યોગપતિઓ ભાગ લેતા રહ્યા છે. આ વર્ષે પણ દેશવિદેશના ઉદ્યોગપતિઓ અને સરકારી વડાઓને ભાગ લેવા માટે કહેવામાં આવ્યું છે. સમિટના ભાગરુપે હાલમાં સ્થળ ખાતે તૈયારીઓ શરૂ થઈ છે. સિમ્બોલને કલર કરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

## સ્ફોટક સ્થિત ● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૦થી ઉપર પહોંચી ગઇ છે.

**આજે ૭.૩૦ વાગે સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ચિલ્લારી ગામે પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો જેમાં શકુંતલા દેવી અને તેમની પુત્રવધુ પોલી દેવીનું મોત થયું હતું જ્યારે તેમના પતિ અને બે બાળકોને ઇજા થઇ હતી. આ ગામના તમામ લોકો સુરક્ષિત જગ્યાએ ખસી ગયા છે. બીજી બાજુ પાકિસ્તાની મિડિયામાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૧૫ પાકિસ્તાની નાગરિકોના મોત થયા છે. પાકિસ્તાનના સિયાલકોટમાં રહેતા લોકો ગોળીબારનો શિકાર થયા છે. આ અગાઉ સોમવારે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં પાંચ ભારતીય નાગરિકોના મોત થયા હતા.**

**મંગળવારથી ચાલી રહેલા ગોળીબારમાં ભારતીય સેનાના ત્રણ જવાન સહિત ૧૨ લોકો ઘાયલ થયા છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર જારી રાખ્યો છે. આ મહિનામાં ૧૮મી વખત યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો.**

**પાકિસ્તાને સરહદી ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. જમ્મુ કાશ્મીરના જમ્મુ અને સાંબા જિલ્લામાં મોર્ટારનો મારો ચલાવાયો હતો. તોપમારા અને ગોળીબારના કારણે ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. બીએસએફના જવાનોએ પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામનો જડબાતોડ જવાબ આપ્યો હતો. એક જ દિવસમાં પાંચ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. ગોળીબારની રમઝટ કલાકો સુધી જારી રહી હતી.**

**આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર બીએસએફની ચોકીઓને ટાર્ગેટ બનાવીને આ ગોળીબાર કરાયો હતો. બીએસએફની ચોકીઓને આના કારણે અસર થઈ હતી. પાકિસ્તાને સાંબા જિલ્લા અને જમ્મુમાં આઈબી ખાતે અરનિયા, આરએસપુરા, કનાચક અને પરગવાલ સબસેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, પાકિસ્તાનના જવાનોએ કનાચક અને પર્ગવાલમાં બીએસએફની તમામ ચોકીઓને ટાર્ગેટ બનાવી ગોળીબાર કર્યો હતો. લોકોમાં ભારે દહેશત ફેલાયેલી છે.**

**આગામી દિવસોમાં ભારત વધુ કઠોર કાર્યવાહી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેપોમાં એક હજાર લોકોને ખસેડવામાં આવ્યા છે. પહેલી ઓક્ટોબર બાદથી જમ્મુ કાશ્મીરમાં ૧૮ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે જેમાં છ લોકોના મોત થયા છે અને ૫૦ લોકો ઘાયલ થયા છે. આઈબી અને અંકુશ રેખા પર તમામ જગ્યાઓએ હુમલા થયા છે.**